## બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહિલા શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોની પ્રસૂતિ રજા અંગે.

શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૧૨૦૦૨/૧૦૯૨/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૫/૨/૨૦૦૫

**વંચાણમાં લીધા :**

(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૧૭/મ,તા.૮–૨–૯૮.
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૮/૨૩૦૯/પાર્ટ–૨/ગ,તા.૮–૩–૯૯.
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૨)–ગ,તા.૨–૭–૯૯.
(૪) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, પત્ર ક્રમાંક : ધ/૨/બમશ/માધ્ય./પ્ર.૨/૨૦૦૧–૦૨, તા. ૮–૪–૨૦૦૨
(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ–૧૧૯૯/ઈએમ/૧૦૭૩/ક, તા.૨૨–૧૦–2003

**ઠરાવ :**

ઉપર આમુખમાં સંદર્ભ ક્રમાંક (૨) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૮–૩–૯૯ ના ઠરાવથી રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને પ્રસુતિ ની રજા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને સંદર્ભ ક્રમાંક : (૩) માં જણાવેલ શિક્ષણ વિભાગ ના તા. ૨–૭–૯૯ ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉપર સંદર્ભ (૫) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૨–૧૦–૦૩ ના ઠરાવની જોગવાઈઓ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓને આધીન મહિલા શિક્ષણ સહાયકો, મહિલા વહીવટી સહાયકો અને મહિલા સાથે સહાયકોને પ્રસુતિની રજા મંજૂર કરવાનુ આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૮–૧–૨૦૦૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, મનહર આર. ચૌધરી**

સેકશન અધિકારી, વિભાગ